બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા, ઘટાડા તથા ગ્રાન્ટ કાપની માર્ગ દર્શક સૂચનાઓ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૨૭/૦૯/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૩૧-૧૨-૨૦૦૯ નો સમાનાંકી ઠરાવ.
(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૦૮-૦૩-૨૦૧૧ નો સમાનાંકી ઠરાવ.
(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૨૧-૧૨-૨૦૨૦ નો સમાનાંકી ઠરાવ
(૪) શિક્ષણ વિભાગનો તારીખ ૦૮-૧૨-૨૦૨૧ નો સમાનાંકી ઠરાવ
(૫) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૦૩-૦૬-૨૦૨૨ નો પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અ-૨/૨૦૨૨-૨૩/૧૩૧૯૬.

પ્રસ્તાવના :-

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) સામેના અનુક્રમે તારીખ ૩૧-૧૨-૨૦૦૯ અને તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવથી રાજ્યની દરેક માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા અંગે તથા વર્ગ વધારા ઘટાડા, ગ્રાન્ટ કાપ અને સરાસરી હાજરી અંગેની નીતિ નક્કી કરવામાં આવેલ છે.

ગત શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ દરમ્યાન કોવિડ-૧૯ની કોરાના સંક્રમણના કારણે રાજ્ય અને રાજય બહારના પર પ્રાંતિય વાળી અને વિદ્યાર્થીઓ વતનમાથી પરત નહીં આવવાના કારણે અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓમાં વિધાર્થીઓના પ્રવેશની મુશ્કેલી સર્જાયેલ હતી. શાળામાં વર્ગોમાં સંખ્યા અને સરાસરી હાજરી ઘટાડાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હતો, જેના કારણે શિક્ષણ વિભાગના તારીખ: ૨૧/૧૨/૨૦૨૦ ઠરાવ ક્રમાંક – ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે અને શિક્ષણ વિભાગના તા.૦૮/૧૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે શિક્ષણ વિભાગે સરાસરી હાજરી ઘટાડી હતી.

સદર બાબતે સને-૨૦૨૧-૨૨માં શિક્ષણ વિભાગના તા.૦૮-૧૨-૨૦૨૧ના ઠરાવથી મળેલ છૂટછાટ અન્વયે જે શાળાઓમાં ધો-૯ અને ધો.૧૧ના વર્ગોમાં વિધાર્થી સંખ્યા શિક્ષણ વિભાગના તા.૦૮/૦૩/૨૦૧૧ના ઠરાવ મુજબ ન હોવા છતા આ વર્ગો ચાલુ રાખવામાં આવેલ જેની આનુષંગિક અસરના ભાગરૂપે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ધો-૧૦ અને ધો-૧૨માં પણ ઓછા વિધાર્થીઓ પ્રવેશ મેળવશે જેથી વર્ષ ૨૦૨૧-૨૨ની જેમ વર્ષ ૨૦૨૨-૨૩માં વર્ગદીઠ વિધાર્થી

સંખ્યામાં છૂટ આપવામાં ન આવે તો શિક્ષણ વિભાગના તા.૦૮/૦૩/૨૦૧૧ના ઠરાવ મુજબ વર્ગઘટાડાની કાર્યવાહી કરવી પડે અને ફાજલ શિક્ષકોના પ્રશ્ન ઉપસ્થિત થવા પામી શકે તેમ છે.

પુનઃ પરિસ્થિત સામાન્ય થતાં તમામ વિધાર્થીઓ દ્વારા પ્રવેશ મેળવતા વિધાર્થી સંખ્યામાં વધારો થાય અને તેમાં પુનઃ વર્ગ મંજૂર કરવાના થાય, જેથી તાબાની કચેરીની તથા વડી કચેરીનો સમય તથા શકિત વેડફાય, જે ધ્યાને લેતા ગત વર્ષની જેમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પણ વર્ગદીઠ વિધાર્થી સંખ્યાના ધારાધોરણોની હાલની અસામાન્ય પરિસ્થિતિને ધ્યાને લઇ સરાસરી હાજરી ધો-૯ થી ધો ૧૨ માટે વર્ષ-૨૦૨૨/૨૩મા લાગુ કરવા જેથી પરિસ્થિતિ હાલ સબબ નિવારી શકાય તેવો કમિશનરશ્રી શાળાઓની કચેરીનો અભિપ્રાય આપેલ હતો. જે ધ્યાને લેતાં, વર્ષ : ૨૦૨૨-૨૩ માં પણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨)ના તારીખ ૦૮/૦૩/૨૦૧૧ ના ઠરાવમાં છૂટછાટ આપવા અંગે કમિશનર શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક(૫)ના તા.૦૩/૦૬/૨૦૨૨ ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨)ના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૩(એક વર્ષ માટે જ) ના સમયગાળા માટે નીચે મુજબની શરતોને આધીન છુટછાટ આપવામાં આવે છે:

(૧) આ ઠરાવથી કરવામાં આવેલી જોગવાઈઓ માત્ર વર્ગ ઘટાડા માટે ધ્યાને લેવાની રહેશે. રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળઓમાં ધોરણ- ૯ થી ૧૨ ના વર્ગવધારા માટે શિક્ષણ વિભાગના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવથી નિયત થયેલ વિદ્યાર્થી સંખ્યાની જોગવાઈઓ મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે. આ વિદ્યાર્થી સંખ્યા વર્ગવધારા માટે કોઈપણ સંજોગોમાં ધ્યાને લેવાની રહેશે નહીં અર્થાત્ વર્ગવધારા માટે ૬૦+૩૬ વિદ્યાર્થી સંખ્યા અને ૬૦+૨૪ વિદ્યાર્થી સંખ્યા ધ્યાને લેવાની રહેશે.

(૨) અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ ના પ્રથમ વર્ગ માટે શહેરી વિસ્તારમાં ૩૬ વિદ્યાર્થી સંખ્યા નિયત થયેલી છે, તેના બદલે સુધારેલ વિદ્યાર્થી સંખ્યા ૨૫ જાળવવાની રહેશે અને ગ્રામ્ય વિસ્તાર માટે ૨૪ વિદ્યાર્થી સંખ્યા નિયત થયેલ છે, તેના બદલે સુધારેલ વિદ્યાર્થી સંખ્યા ૧૮ જાળવવાની રહેશે. એક કરતાં વધારે વર્ગો માટે શહેરી વિસ્તારમાં ૬૦+૩૬ ના બદલે ૪૨+૨૫ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૬૦+૨૪ ના બદલે ૪૨+૧૮ ની વિદ્યાર્થી સંખ્યા જાળવવાની રહેશે.

(૩) શહેરી વિસ્તાર માટે ૨૫ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૧૮ વિદ્યાર્થી સંખ્યા ન જળવાતી હોય તેવી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ ઘટાડા કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) આ ઠરાવની છૂટછાટ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩(એક જ વર્ષ માટે) ના સમયગાળા માટે આપવામાં આવે છે. આ મુદત પુરી થયે આ ઠરાવની અસર આપોઆપ રદબાતલ બનશે. બાકીની બોલીઓ અને શરતો આ વિભાગના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: ઉમશ – ૧૧૦૬ – ૨૧૩૮ – ગ.૧ મુજબ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૨૨-૦૯-૨૦૨૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. ટી. બાંધણિયા)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.